જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૪/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૨૩૨ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૧ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૭૯/૨૦૨૬**

પાલડીઃ રિતેશ ભુપેન્દ્ર પટેલ (ઉ.વ.૫૦)(રહે. દત્ત સોસાયટી રામજી મંદિર પાસે પાલડી ભઠ્ઠા) એ તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૬ સાંજના ૪/૩૦ થી તા.૧૫/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ઘાબાના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી પન્ના જડિત સોનાની બુટ્ટીઓ નંગ–૨ કિમત રૂપિયા ૨,૬૦,૦૦૦/–, સોનાની કંઠી કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/–, ચાંદીની થાળી નંગ–૨ કિમત રૂપિયા ૯૦,૦૦૦/–, ચાંદીની મુર્તી કિમત રૂપિયા ૩,૦૦૦/– ચાંદીના સિક્કા નંગ–૬ કિમત રૂપિયા ૪,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૫૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૮૦/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સીટીઃ ટીનાબહેન ડો/ઓ મણિલાલ રોત (ઉ.વ.૨૫)(રહે.શ્રીનાથજી નગર, ૧૩૨ ફૂટ રીંગ રોડ, જોગણી માતા મંદિરની બાજુની ગલીમાં, મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનમાં એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.મકવાણા ચલાવે છે.

સરખેજઃ મહમંદઅયાન મહમંદાલી શેખ (ઉ.વ.૨૦)(રહે.ઇબ્રાહીમ રો–હાઉસ અજીમ મસ્જીદ પાસે જાડીખાલાની કીટલી પાસે નવી ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે બેડસીટનું કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

મેઘાણીનગરઃ ચમનપુરા કાંતિલાલ હીરાલાલ ચોકસીની ચાલી ખાતે રહેતા રવિન્દ્રસિંહ નાથુસિંહ રાજપુતના ૧૭ વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.એરુણકર ચલાવે છે.

નારોલઃ (૧) ભૈયાલાલ આજ્ઞારામ બઘેલ (ઉ.વ.૩૮)(રહે.ઈન્દિશનગર વિભાગ–૦૨ લાંભા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

નારોલઃ (૨) લીલાધર ચુનીલાલ બોરસે (ઉ.વ.૨૯)(રહે. દ્વારકાનગરી વિભાગ–૨–એ કોમલ ફેક્ટરી પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે કપડા સુકવવાની પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી